# Greenlawns High School

MUMBAI - 400036

**For the Final Examination Year 2023-24** **Time: 3 hours**

**Std: VI** **Sub: Gujarati 2 Lang** **Date: ____________** **Marks: 80**

**Name: ____________________________________ Roll No. _____________**

**વિભાગ - અ**

**SECTON A (40 MARKS)**

**સૂચના: દરેક પ્રશ્નના ઉત્તર લખવા જરૂરી છે.**

**પ્રશ્ન 1. નીચે આપેલા વિષય માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **(૧૦)**

૧. એક સાંજ બગીચા માં
૨. પ્રિય રમત
૩. શાળા નો મેળો

**પ્રશ્ન ૨. નીચે આપેલા પત્રો માં થી કોઈ પણ એક પત્ર લખો.** **(૭)**

૧. તમારા મિત્ર/સખી ને તમારી સાથે રજા માં બહાર ગામ ફરવા આવવા માટે નો પત્ર.
૨. મમ્મી પપ્પા ની ખબર અંતર પૂછતો પત્ર.

**પ્રશ્ન ૩. નીચે આપેલો ગધ્યાખંડ વાચી તમારા શબ્દો માં જવાબ લાખો.** **(૧૦)**

એક વખતની આ વાત છે. મુંબઈની હાઈકોર્ટ પાસે એક મજૂર કોલસાનો ઘણો ભારે થેલો માથે ચડાવવાનો પ્રયત્ન કરતો હતો. થેલો ઘણી ભારે હોવાથી ઘણી મહેનત કરવા છતાં તે થેલો માથે ચડાવી શકતો નહતો. મજૂરે ત્યાંથી પસાર થતા અનેક રાહદારીઓને મદદ કરવા વિનંતી કરી. પણ વ્યસ્ત જીવન જીવતા શહેરના લોકો પાસે સમય જ નહતો. તેથી કોઈ એ મજૂરની વિનંતી કાને ન ધરી. એટલામાં હાઈકોર્ટના પગથિયાં ઊતરીને એક મહાશય રસ્તા પર ઊભા હતા. પોતાના ઇસ્ત્રીવાળા સફેદ વસ્ત્રોની પરવા કર્યા વગર તેમણે પેલા મજૂરની મદદ કરી કોલસાનો થેલો તેને માથે ચડાવી દીધો.

"સાહેબ! આપનો ખૂબ-ખૂબ આભાર" મજૂરે આભાર વ્યક્ત કર્યો. "ભાઈ, આપણે આભાર તો ભગવાનનો માનવાનો. મુસીબતના સમયે એક માનવી બીજાને મદદ નહીં કરે તો કોણ કરશે? એક બીજાની મદદ કરવી એ દરેક માનવીની ફરજ છે."આમ કહી સ્નેહભર્યું સ્મિત ફરકાવી તેઓ ચાલી નીકળ્યા એ સજ્જન હતા......... તે સમયના મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે.

પ્રશ્નો :

૧. મજૂરના કોથળામાં શું હતું, તે કોથળો શા માટે માથે ચડાવી શકતો ન હતો?

૨. મજૂરની વિનંતી રાહદારીઓએ શા માટે કાને ન ધરી?

૩. મજૂરને મદદ કરનાર એ સજ્જન કોણ હતા? તેમણે શેની પરવા ન કરી?

૪. આપણે કોનો આભાર માનવો જોઈએ? માનવીની ફરજ શું છે?

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપી બોધ લખો.

**પ્રશ્ન ૪. સૂચના પ્રમાણે કરો.**

**ક. ધ્વનિ સૂચક શબ્દો.** **(૨)**

૧. મચ્છરોનો -
૨. ઘડિયાળની -

**ખ. રાષ્ટ્રીય ઓળખ** **(૨)**

૧. રાષ્ટ્રીય ધ્વજ -
૨. રાષ્ટ્રીય ફળ -

**ગ. વચન બદલો.** **(૨)**

૧. મંદિરો -
૨. વાડી -

**ઘ. નીચે આપેલા વાક્યો ના કાળ બદલી ફરી લખો.** **(૩)**

૧. મહારાજ દક્ષિણ જોઈ ખુશ થયા. (વર્તમાન કાળ)

૨. અમે રાજકોટ જશું. (ભૂતકાળ)

૩. રામ હંમેશા સાચું બોલે છે. (ભવિષ્યકાળ)

**ચ. શબ્દ સમૂહ બદલે એક શબ્દ.** **(૨)**

૧. પિતા ની બહેન નો પતિ.

૨. ઊંટ નું બચ્ચું.

**છ. નીચે આપેલા વાક્યોમાં સંજ્ઞા ઓળખી પ્રકાર લખો.** **(૨)**

૧. સોનું ઘણી કિંમતી ધાતુ છે.

૨. શંકરે ક્રોધમાં ત્રીજું નેત્ર ખોલ્યું.

## વિભાગ બ
## SECTON B (40 MARKS)

**પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** **(૩)**

૧. તબીબી -
૨. લાપરવાહી -
૩. મજાલ -

**પ્રશ્ન ૬. નીચે આપેલા શબ્દો ના વિરોધી લખો.** **(૩)**

૧. ફરજિયાત X
૨. વિખ્યાત X
૩. ખરીદ્યા X

**પ્રશ્ન ૭. નીચે આપેલા શબ્દો પર થી વાક્યો બનાવો. (૩)**

૧. અભિયાન -
૨. જોખમમાં -
૩. અસ્થિર -

**પ્રશ્ન ૮. નીચે આપેલા શબ્દો ની ભૂલો સુધારી ફરી લખો. (૩)**

**પ્રશ્ન ૯. નીચે આપેલા વાક્યો કોણ બોલે છે કોને કહે છે. (૩)**

૧. " તો હું મારવાનું પસંદ કરીશ."
૨. "મને પાતળ બનાવતાં આવડતું નથી. હું કાંઈ બનાવવાનો નથી."
૩. "હશે, પર્યટન માં નહિ જવાઈ તો શું થયું?"

**પ્રશ્ન ૧૦. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક શબ્દ માં લખો. (૪)**

૧. કચરો ક્યાં નાખવો જોઈએ?
૨. આનંદી ના પિતા નું નામ લખો.
૩. દાદી માં એ કેટલી પાતળ બનાવવાનો હુકમ કર્યો?
૪. નિશાનબાજ ટેલ ના પુત્ર નું નામ લખો.

**પ્રશ્ન ૧૧. નીચે આપેલા પ્રશ્નો ના જવાબ એક વાક્ય માં લખો. (૪)**

૧. લોકો કોને ધિક્કારતા હતા? શા માટે?
૨. આનંદી એ કોને કંઈ કહ્યું નહિ? શા માટે?
૩. કોણે ટેલ સામે શરત મૂકી? શી?
૪. શ્યામ સાથી રિસાઈ ગયો હતો? કોણે મનાવ્યો?

**પ્રશ્ન ૧૨. નીચે આપેલા પ્રશ્નો ના જવાબ પૂરા વાક્ય માં લખો. (૧૦)**

૧. આપણા જીવન માં સ્વચ્છતા શા માટે જરૂરી છે? તમે ઘર સ્વચ્છ રાખવા માટે શું કરો છો? (૨.૫)
૨. સુબા એ વિલિયમ સામે શી શરત રાખી? વિલિયમ ને શી ચિંતા થઈ? (૨.૫)
૩. પાતળ પાઠ દ્વારા શું શીખ્યા? (૨.૫)
૪. કોણે આનંદી ને કેટલા રૂપિયા આપ્યા? શા માટે? (૨.૫)

**પ્રશ્ન ૧૩. નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂરી કરો. (૭)**

આકાશી હીંચકા ની હોડી કરી... બેનીબાની...
સૂરજ ઊગ્યો ને બેન આવ્યાં ફરી... બેનીબાની...